NEETના પરીક્ષાર્થીઓ માટે રેલવે 5 જોડી ખાસ ટ્રેન દોડાવશે

મુંબઈ, ગુજરાત અને મધ્યપ્રદેશના વિવિધ રૂટો પર દોડશે ટ્રેનો, આજથી જૂનથી બુકિંગ શરૂ

સુરતઃ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)માં ભાગ લેનારા ગુજરાતના 85000 જેટલા વિદ્યાર્થીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા 5 જોડી સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. 21 જૂને યોજાનારી આ પરીક્ષા માટે 19 જૂનથી રેલવે કાઉન્ટર અને IRCTC પર બુકિંગ શરૂ થશે. આ ટ્રેનોમાં સ્લીપર અને જનરલ કોચ રહેશે.

5 જોડી સ્પેશિયલ ટ્રેનોનું સમયપત્રક અને રૂટ

» **બાંદ્રા ટર્મિનસ - ડો. આંબેડકર નગર (09351/09352)**: ટ્રેન નં. 09351 શનિવાર, 20 જૂને બાંદ્રાથી 18:20 વાગ્યે ઉપડી બીજા દિવસે 11:30 વાગ્યે પહોંચશે. પરતમાં ટ્રેન નં. 09352 શુક્રવાર, 19 જૂને ડો. આંબેડકર નગરથી 23:00 વાગ્યે ઉપડી બીજા દિવસે 15:40 વાગ્યે બાંદ્રા પહોંચશે. (સ્ટોપેજઃ બોરીવલી, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, ઉજ્જૈન, ઇન્દોર વગેરે).

» **બાંદ્રા ટર્મિનસ - મણિનગર (09471/09472)**: ટ્રેન નં. 09471 શનિવાર, 20 જૂને બાંદ્રાથી 21:15 વાગ્યે ઉપડી બીજા દિવસે 06:00 વાગ્યે મણિનગર પહોંચશે. પરતમાં ટ્રેન નં. 09472 શનિવાર, 20 જૂને મણિનગરથી 08:30 વાગ્યે ઉપડી તે જ દિવસે 18:15 વાગ્યે બાંદ્રા પરત ફરશે.

» **ઓખા - ગાંધીનગર કેપિટલ (09554/09553)**: ટ્રેન નં. 09554 શનિવાર, 20 જૂને ઓખાથી સવારે 05:00 વાગ્યે ઉપડી તે જ દિવસે 15:00 વાગ્યે ગાંધીનગર પહોંચશે. પરતમાં ટ્રેન નં. 09553 રવિવાર, 21 જૂને ગાંધીનગરથી 20:55 વાગ્યે ઉપડી બીજા દિવસે 06:40 વાગ્યે ઓખા પહોંચશે. (સ્ટોપેજઃ દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર વગેરે).

» **ભાવનગર - ગાંધીગ્રામ (09254/09253)**: ટ્રેન નં. 09254 શનિવાર, 20 જૂને ભાવનગરથી 11:40 વાગ્યે ઉપડી તે જ દિવસે 16:10 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. પરતમાં ટ્રેન નં. 09253 રવિવાર, 21 જૂને ગાંધીગ્રામથી 20:00 વાગ્યે ઉપડી બીજા દિવસે 00:35 વાગ્યે ભાવનગર પહોંચશે.

» **ઇન્દોર - ભોપાલ - રતલામ (09354/09353)**: ટ્રેન નં. 09354 શનિવાર, 20 જૂને ઇન્દોરથી 11:25 વાગ્યે ઉપડી 19:00 વાગ્યે ભોપાલ પહોંચશે. ટ્રેન નં. 09353 તે જ દિવસે ભોપાલથી 19:40 વાગ્યે ઉપડી બીજા દિવસે 00:55 વાગ્યે રતલામ પહોંચશે.

નીટ હોવાથી રવિવારે કોઈ જમ્બો બ્લોક નહીં રહે

સુરતઃ રવિવાર 21 જૂનના રોજ યોજાનારી NEET પરીક્ષામાં આપતા વિદ્યાર્થીઓની સરળ મુસાફરી માટે પશ્ચિમ રેલવે દ્વારા ઉપનગરીય (સબર્બન) સેક્શન પર કોઈ પણ પ્રકારનો જમ્બો બ્લોક ન લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, ૨૧ જૂનના રોજ પશ્ચિમ રેલવેની તમામ લોકલ ટ્રેન સેવાઓ રવિવારના બદલે સામાન્ય દિવસોના સમયપત્રક મુજબ જ દોડશે, જેથી પરીક્ષાર્થીઓને સેન્ટર સુધી પહોંચવામાં કોઈ મુશ્કેલી ન નડે. જોકે, એર કંડિશન્ડ લોકલ ટ્રેનો રવિવારના નિર્ધારિત સમયપત્રક મુજબ જ ચાલુ રહેશે.

સચિનમાં બનશે નવી કોલેજ, આજે ભૂમિપૂજન

16,000 ચોરસ મીટરમાં આધુનિક કોલેજ ભવન સાથે ઓડિટોરિયમ

UPSC-GPSC અભ્યાસક્રમ અને ઉદ્યોગો સાથે તાલીમની સુવિધા

સુરત :સચીન અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ આવી રહી છે. છેલ્લા 72 વર્ષથી શિક્ષણસેવામાં અવિરત કાર્યરત શ્રી સચીન વિભાગ કેળવણી મંડળ દ્વારા તા. 19 જૂન, 2026ના રોજ નવી કોલેજ ભવનના ભૂમિપૂજન તેમજ સંસ્થાના પ્લેટિનમ સ્મૃતિગ્રંથના વિમોચનનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સચીન કેળવણી મંડળના અધ્યક્ષ દિનકરરાય સી. નાયકના જણાવ્યા મુજબ સંસ્થાના પ્રમુખ સંદીપભાઈ જે. દેસાઈના માર્ગદર્શન હેઠળ સચીનમાં ઉચ્ચ શિક્ષણના નવા યુગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓને ધોરણ 12 પછી ઉચ્ચ અભ્યાસ માટે સુરત અથવા અન્ય શહેરોમાં જવું પડતું હતું, પરંતુ હવે સચીનના વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ સ્નાતક સુધીનું ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ થશે.

નિર્માણાધીન કોલેજ ભવન ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું રહેશે અને અંદાજે 16,000 ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિશાળ અને સુસજ્જ ઓડિટોરિયમ હોલનું પણ નિર્માણ કરવામાં આવશે.

પ્રારંભિક તબક્કામાં કોલેજમાં આર્ટ્સ અને કોમર્સ ફેકલ્ટીની શરૂઆત કરવામાં આવશે. કોમર્સ વિભાગમાં અંગ્રેજી માધ્યમની વ્યવસ્થા રહેશે, જ્યારે આર્ટ્સ વિભાગમાં ગુજરાતી અને સ્પેશિયલ અંગ્રેજી જેવા વિષયો સાથે નવી શિક્ષણ નીતિ (NEP)ને અનુરૂપ અભ્યાસક્રમો શરૂ કરાશે. ઉપરાંત UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી વિષયોનો પણ સમાવેશ કરવામાં આવશે.

દામકા ખાતે ખાનગી કંપનીઓને ફાળવેલી જમીનનો ઉગ્ર વિરોધ

500થી વધુ ગ્રામજનોએ કલેક્ટરને રજૂઆત કરી

83 હેક્ટર જમીનની ફાળવણી રદ નહીં થાય તો આંદોલન અને કોર્ટ સુધી લડતની ચીમકી

સુરતઃ ચોર્યાસી તાલુકાના દામકા ગામે ખાનગી કંપનીને ફાળવવામાં આવેલી 83 હેક્ટર જમીનના મુદ્દે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. દામકા તથા આસપાસના ગામોના 500થી વધુ ગ્રામજનોએ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જમીન ફાળવણીનો હુકમ તાત્કાલિક રદ કરવાની માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો ફાળવણી રદ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ઉપરાંત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની લડત લડવામાં આવશે.

મળતી માહિતી મુજબ મોજે દામકા, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરતના સર્વે નંબર 518-એ હેઠળ આવેલી આશરે 83 હેક્ટર જમીન ખાનગી કંપનીને ફાળવવામાં આવી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ જમીન કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (CRZ)-1B વિસ્તારમાં તેમજ તાપી નદીના ફ્લડ પ્લેન ઝોનમાં આવેલી છે, જે પર્યાવરણની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ દામકા, મોરા અને ભટલાઈ ગામના અનેક પશુપાલકો વર્ષોથી આ જમીન પર પોતાના પશુઓ ચરાવીને ગુજરાન ચલાવે છે. ગામના હળપતિ સમાજના ગરીબ પરિવારો પરંપરાગત પગડિયા માછીમારી કરીને જીવનનિર્વાહ કરે છે. કલેક્ટરને આપવામાં આવેલી રજૂઆતમાં ખાનગી કંપનીને ફાળવાયેલી જમીનનો હુકમ રદ કરવા તેમજ ભવિષ્યમાં આ જમીન કોઈપણ કંપની કે વ્યક્તિને ફાળવવામાં ન આવે તેવી માંગ કરવામાં આવી છે.

ગ્રામજનોએ સ્પષ્ટ જણાવ્યું છે કે જો તેમની માંગ સ્વીકારવામાં નહીં આવે તો તેઓ લોકશાહી અને કાનૂની માર્ગે વ્યાપક લડત ચલાવશે. તાલુકા પંચાયત સભ્ય અને હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી લિ.ના પ્રમુખ દિપક પટેલના નેતૃત્વ હેઠળ આ રજૂઆત કરવામાં આવી હતી.

સુમુલ ભાજપની ખાનગી પેઢી નથી કે મેન્ડેટ આપેઃ ડો.તુષાર ચૌધરી

સુમુલ ડેરી સહકારિતાની ભાવનાથી ચાલવી જોઈએ, ભાજપના નારાજ સારા સહકારી આગેવાનો કોંગ્રેસનું સમર્થન માંગશે તો આપીશું

ભૂતકાળમાં મનુભાઈ પટેલ સિવાય બધા ડિરેક્ટર કોંગ્રેસના હોવા છતાં કોંગ્રેસે સહકારિતાને મહત્ત્વ આપી તેમને સુમુલના ચેરમેન બનાવ્યા હતા

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સમાન સુમુલ ડેરીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીને લઈ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરી સક્રિય થયા છે. સુરતમાં તુષાર ચૌધરીએ આજે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, સુમુલ ડેરી ભાજપની ખાનગી પેઢી નથી કે ઉમેદવારોને મેન્ડેટ આપે, સુમુલ સુરત અને તાપી જિલ્લાના છેવાડાના પશુપાલકોની સંસ્થા છે. સુમુલ ડેરીમાં ભ્રષ્ટાચાર કરવા માટે જ ભાજપ મેન્ડેટ પ્રથા લાવી છે. સુમુલના હોદ્દેદારો અને ડિરેક્ટરો પર કરોડોના ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે. સરકાર નિયુક્ત તપાસ અધિકારી અને રાજ્ય રજિસ્ટ્રારને પહોંચેલા રિપોર્ટમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાની સ્વીકૃતિના રિપોર્ટ લીક થયા છે. આ રિપોર્ટ જાહેર થવો જોઈએ. જેથી દૂધનું દૂધ પાણીનું પાણી થઈ જશે. કોંગ્રેસ સુમુલમાં ક્યારેય રાજકારણ વચ્ચે લાવ્યું નથી. મેન્ડેટ પ્રથા લાવી ભાજપ મળતિયાઓ પાસે ભ્રષ્ટાચાર કરાવવા માંગે છે. ખેડૂતો, પશુપાલકોની મહેનતની કમાણી લૂંટવા માંગે છે. અમે એનો મજબૂતાઈથી સામનો કરીશું. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે 80% બેઠક પર ઉમેદવારોની યાદી તૈયાર કરી છે.

2015-2020નાં વર્ષોમાં થયેલા કરોડોના ભ્રષ્ટાચારનો રિપોર્ટ જાહેર કરોઃ દર્શન નાયક

સુમુલ ડેરીના સભાસદ અને સહકારી આગેવાન દર્શન નાયકે પત્રકારોને જણાવ્યું હતું કે, સુમુલના સને 2015-2020નાં વર્ષોમાં થયેલા કરોડોના ભ્રષ્ટાચારનો તપાસ રિપોર્ટ રાજ્ય રજિસ્ટ્રાર સહકારી મંડળીઓએ જાહેર કરવો જોઈએ. સુમુલના સને 2015-2020નાં વર્ષોમાં કરોડોના ભ્રષ્ટાચારની ફરિયાદ ગુજરાત સરકારના સહકાર વિભાગમાં મંડળીના સભાસદો દ્વારા કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં રજિસ્ટ્રારશ્રી (સહકારી મંડળો) ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી 2025ના ઓગસ્ટ મહિનામાં ગુજરાત સહકારી મંડળીઓ 1961ની કલમ-86 હેઠળ તપાસ નવસારી જિલ્લા રજિસ્ટ્રાર ધ્રુવિનભાઈ પટેલને સોંપવામાં આવી હતી. રિપોર્ટમાં ભ્રષ્ટાચારના આરોપો ફલિત થયા છે. એ અંગે ત્વરિત કાર્યવાહી કરી નુકસાનની ભરપાઈ કૌભાંડીઓની સંપત્તિ જપ્ત કરી કરવી જોઈએ. તપાસ અધિકારી અને નવસારીના જિલ્લા રજિસ્ટ્રાર ધ્રુવીન પટેલ અને સ્ટેટ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મિતેષ પંડ્યાજીના 2000 પાનાના તપાસ રિપોર્ટમાં સને-2015થી સને-2020 સુધીનું સુમુલ ડેરીનું આખું બોર્ડ 1000 કરોડની ગેરરીતિ પ્રકરણમાં કસૂરવાર ઠર્યું છે. આ રિપોર્ટ જાહેર થાય તો ભાજપનો ભ્રષ્ટાચાર બહાર આવે એમ છે.

માણસામાં થશે રાજ્ય કક્ષાના યોગ દિવસ ઉજવણી

ગાંધીનગર : 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાશે, જેમાં 4 હજારથી વધુ નાગરિકો સહભાગી બનશે. રાજ્યભરમાં યોગ દિવસને ભવ્ય અને જનભાગીદારીપૂર્ણ બનાવવા માટે સરકાર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ વર્ષે ગુજરાતના 1.25 કરોડથી વધુ નાગરિકો યોગ પ્રોટોકોલ તાલીમ અને સામૂહિક યોગાભ્યાસમાં જોડાશે, જ્યારે રાજ્યના 17 મહાનગરપાલિકા વિસ્તારો, 33 જિલ્લાઓ, તમામ તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં એક જ સમયે યોગ કાર્યક્રમો યોજાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરમાં જણાવ્યું હતું.

પરિમલ નથવાણી ઐતિહાસિકથી 4 વખત રાજ્યસભામાં ચુંટાયા

અપક્ષ ઉમેદવાર તરીકે ફરી નોંધાવી જીત; ગ્રામીણ વિકાસ, કૌશલ્યવર્ધન અને માળખાગત સુવિધાઓને આપશે પ્રાથમિકતા

ગાંધીનગરઃ ઝારખંડનું પ્રતિનિધિત્વ કરતા ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર પરિમલ નથવાણી રાજ્યસભામાં ઐતિહાસિક ચોથી ટર્મ માટે ચૂંટાઈ આવ્યા છે. રાજ્યની બે બેઠકો માટે ત્રણ ઉમેદવારો વચ્ચે થયેલી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે તેમની જીત નોંધપાત્ર માનવામાં આવી રહી છે. ઝારખંડમાંથી અગાઉ બે કાર્યકાળ સુધી અપક્ષ સાંસદ તરીકે સેવા આપી ચૂકેલા નથવાણી રાજ્યસભાના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા અપક્ષ સાંસદ તરીકે પણ ઓળખાય છે. ચૂંટણીમાં વિજય બાદ પરિમલ નથવાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ તેમજ ઝારખંડ ભાજપ અને એનડીએના તમામ ધારાસભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઝારખંડને પોતાની "કર્મભૂમિ" ગણાવતા જણાવ્યું હતું કે રાજ્યના લોકોની સેવા કરવાની ફરી તક મળવી તેમના માટે ગૌરવની બાબત છે.

TET મુદ્દે સંરક્ષણ માટે શિક્ષકોની PMને રજૂઆત

2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોના સેવા હિતો બચાવવા સંસદીય અને નીતિગત હસ્તક્ષેપની માંગ

સુરતઃ શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) સંબંધિત મુદ્દે દેશભરના લાખો શિક્ષકોમાં વ્યાપેલી અનિશ્ચિતતા અને ચિંતાના માહોલ વચ્ચે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-સુરત મહાનગરે ભારતના પ્રધાનમંત્રીને વિસ્તૃત રજૂઆત પાઠવી છે. રજૂઆતમાં 23 ઓગસ્ટ, 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોના સેવા અધિકારો, વરિષ્ઠતા, બઢતી અને અન્ય લાભોને કાયદાકીય તથા નીતિગત સંરક્ષણ આપવા માટે કેન્દ્ર સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે.

મહાસંઘે રજૂઆતમાં જણાવ્યું છે કે 23 ઓગસ્ટ, 2010ના રોજ રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષણ પરિષદ (NCTE) દ્વારા શિક્ષક પાત્રતા પરીક્ષા (TET)ને શિક્ષકો માટે લઘુત્તમ લાયકાત તરીકે જાહેર કરવામાં આવી હતી. તે પહેલાં દેશના વિવિધ રાજ્યોમાં અમલમાં રહેલા નિયમો અને પાત્રતા ધોરણોના આધારે લાખો શિક્ષકોની કાયદેસર નિમણૂકો થઈ ચૂકી હતી. આ શિક્ષકોએ વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે સેવા આપીને રાષ્ટ્ર નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. રજૂઆતમાં ભારપૂર્વક જણાવાયું છે કે ભારતીય કાનૂની અને વહીવટી વ્યવસ્થાનો સ્થાપિત સિદ્ધાંત એ છે કે કોઈપણ નિયમ, નીતિ કે અધિસૂચના સામાન્ય રીતે તેની અમલ તારીખથી જ અસરકારક બને છે.

અગાઉ કાયદેસર રીતે થયેલી નિમણૂકો પર પછીથી નક્કી કરાયેલા પાત્રતા ધોરણો લાગુ કરવાથી કુદરતી ન્યાય, સમાનતા અને કાનૂની નિશ્ચિતતાના સિદ્ધાંતોને આંચકો પહોંચે છે. મહાસંઘના મતે, વર્ષ 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોની નિમણૂકો તે સમયના નિયમો અનુસાર સંપૂર્ણપણે માન્ય અને કાયદેસર હતી. તેથી ત્યારબાદ નક્કી કરાયેલી TET જેવી લાયકાતને પૂર્વલક્ષી અસરથી લાગુ કરવી ન્યાયસંગત ગણાવી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ શિક્ષકોમાં વધી ચિંતા

મહાસંઘે જણાવ્યું છે કે માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે 29 મે, 2026ના રોજ પુનર્વિચાર અરજીઓનો નિકાલ કરતાં અગાઉના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો. આ નિર્ણય બાદ વર્ષ 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોના ભવિષ્ય, સેવા હિતો અને કાયદેસર અધિકારો અંગે વિવિધ પ્રકારની આશંકાઓ ઊભી થઈ છે. જોકે ન્યાયાલયના નિર્ણયનો સંપૂર્ણ સન્માન કરવામાં આવે છે, પરંતુ જનહિતમાં જરૂરી કાયદાકીય અને નીતિગત ઉકેલ લાવવાનો અધિકાર સંસદ અને સરકાર પાસે રહેલો હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

કેન્દ્ર સરકાર સમક્ષ ચાર મુખ્ય માંગણીઓ

» તા. 23 ઓગસ્ટ, 2010 પહેલાં નિયુક્ત થયેલા તમામ શિક્ષકોને TETની ફરજિયાતતામાંથી કાયમી મુક્તિ આપવામાં આવે.
» આવા શિક્ષકોની સેવા, વરિષ્ઠતા, બઢતી અને અન્ય તમામ સેવા લાભોને સંપૂર્ણ કાયદાકીય સંરક્ષણ આપવામાં આવે.
» જરૂરી જણાય તો સંસદમાં કાયદાકીય સુધારો અથવા વિશેષ જોગવાઈ કરીને આ વર્ગને કાયમી રાહત આપવામાં આવે.
» તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરીને શિક્ષકોમાં વ્યાપેલી ગૂંચવણ અને અસુરક્ષાની સ્થિતિનો તાત્કાલિક નિવારણ કરવામાં આવે.

સુમુલની ચૂંટણીમાં ઉમેદવાર બનવા ભાજપના દાવેદારોનો રાફડો ફાટ્યો

શબ્દશરણ બ્રહ્મભટ્ટ, ગીતાબેન રાઠવા અને દુષ્યંત પંડ્યાએ રાત સુધી ઉમેદવાર ઈચ્છુકોને સાંભળ્યા, અપેક્ષિતો સિવાયના બિન ભાજપી લોકો પણ રજૂઆતમાં ઘૂસી ગયા

બારડોલી, સુરતઃ સુરત અને તાપી જિલ્લાની આર્થિક જીવાદોરીસમાન અને 7000 કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીની આગામી ચૂંટણીને લઈને સહકારી અને રાજકીય માહોલ બરાબરનો ગરમાયો છે. સુમુલ ડેરીમાં સત્તાનું સુકાન સંભાળવા માટે આ વખતે ભાજપ સંગઠન દ્વારા ખૂબ જ ઝીણવટભરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ભાજપ પ્રેરિત પેનલના મજબૂત અને સક્ષમ ઉમેદવારો નક્કી કરવા માટે સુરત જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય ખાતે સત્તાવાર રીતે 'સેન્સ પ્રક્રિયા' હાથ ધરવામાં આવી હતી.

આ મહત્ત્વપૂર્ણ સેન્સ પ્રક્રિયા માટે ભાજપ પ્રદેશ મોવડીમંડળ દ્વારા ખાસ ત્રણ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં શબ્દશરણ બ્રહ્મભટ્ટ, ગીતાબેન રાઠવા અને દુષ્યંત પંડ્યાએ સુરત ખાતે આવીને બંને જિલ્લાના અગ્રણીઓ અને દાવેદારોને વન-ટુ-વન સાંભળ્યા હતા. સુરત જિલ્લાની 9 બેઠક અને તાપી જિલ્લાની 7 બેઠક મળી કુલ 16 બેઠક માટે દાવેદારો તેમજ સમર્થકોએ પોતાની મજબૂત રજૂઆતો કરી હતી.

સુમુલ ડેરી પર વર્ચસ્વ જમાવવાની આ મોટી લડાઈ હોવાથી જિલ્લા મધ્યસ્થ કાર્યાલય ખાતે સવારથી જ સુરત અને તાપી જિલ્લાના સહકારી આગેવાનો, વર્તમાન ડિરેક્ટરો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઊમટી પડ્યા હતા. જેને પગલે કાર્યાલય પરિસરમાં ભારે ગીરદી અને અદ્ભૂત ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે મીડિયા સાથેની વાતચીતમાં તાપી જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજ વસાવાએ જણાવ્યું હતું કે, સુમુલ ડેરી એ આ પંથકના પશુપાલકો અને ખેડૂતોની આર્થિક કરોડરજ્જુ છે. પ્રદેશમાંથી આવેલા નિરીક્ષકો સમક્ષ કાર્યકરોએ ખૂબ જ ઉત્સાહભેર પોતપોતાના વિસ્તારોની અને ઉમેદવારોની રજૂઆતો કરી છે. પક્ષના મોવડીમંડળ દ્વારા તમામ જ્ઞાતિ-જાતિ અને ભૌગોલિક સમીકરણોને ધ્યાનમાં રાખીને જે પણ સક્ષમ અને લોકપ્રિય ઉમેદવારોનાં નામ નક્કી કરવામાં આવશે, તેને જીતાડવા માટે આખી પેનલ અને બંને જિલ્લાનું સંગઠન એક થઈને કામે લાગશે. સેન્સ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થતાં હવે આગામી 23 અથવા 24 જૂને ભાજપ પ્રેરિત પેનલના સત્તાવાર ઉમેદવારોનાં નામોની જાહેરાત થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

ચોર્યાસી બેઠકના 13 પૈકી 11 મતદારે એકમાત્ર સંદીપ દેસાઈના નામની રજૂઆત કરી

સુમુલ ડેરીની ચોર્યાસી બેઠક પર વર્તમાન ડિરેક્ટર સંદીપ દેસાઈના નામની રજૂઆત માટે કુલ 13માંથી 11 મતદારે સંદીપ દેસાઈના નામની રજૂઆત કરી હતી. આ બેઠક પર એક સંદીપ દેસાઈ અને બીજા અનંત પટેલે પોતાની દાવેદારી રજૂ કરી હતી. બારડોલી બેઠક પર ધારાસભ્ય કુંવરજી હળપતિએ પણ દાવેદારી નોંધાવી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

બાલાસિનોરમાં પોણા...

જિલ્લામાં પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ શકે છે. તા. 20 જૂને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ રહેશે.

21 જૂનથી 25 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ દરમિયાન સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ 22 જૂન સુધી વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલમાં હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, કોરાપુટ, રાંચી, જમુઈ અને મુઝફ્ફરપુર વિસ્તારોમાંથી પસાર થઈ રહી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. હવામાન વિભાગે ગાજવીજ, વીજળીના ચમકારા અને તેજ પવનની આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂતો તથા નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા સૂચના આપી છે. ખાસ કરીને ખુલ્લા વિસ્તારોમાં રહેતા લોકો અને ખેતીના કામમાં વ્યસ્ત ખેડૂતોને હવામાનની તાજી આગાહીઓ પર નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

ચીખલી,...

પણ વરસાદી માહોલ જામેલો જોવા મળ્યો હતો. વરસાદ પડવાને લઈ વાતાવરણમાં થોડા સમય માટે ઠંડક પ્રસરી ગઈ હતી. દિવસભરમાં ક્યારેક ઠંડો પવન ફૂંકાતો રહ્યો હતો અને ક્યારેક વાદળોની વચ્ચે સૂરજદાદાની સંતાકૂકડી ચાલતી હતી.

સુરતમાં ઉનાળા...

શક્યતા છે. ખાસ કરીને દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ ઉકળાટનો અનુભવ થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ચોમાસાના સક્રિય થવા સુધી નાગરિકોએ ગરમી અને ભેજથી બચવા પૂરતું પાણી પીવું તેમજ જરૂરી સાવચેતી રાખવી જરૂરી બનશે.

દુકાનદારોએ 10...

શેડ બનાવી દેતાં લોકો સર્વિસ રોડ પર વાહન પાર્ક કરતાં હતા. જોકે આજે ભીષણ આગમાં મોટાભાગના પતરાના શેડ વળી ગયા હતા.

ઈ બાઈકની...

નજીકની સાત દુકાનો સુધી પહોંચી હતી અને દુકાનોને નોંધપાત્ર નુકસાન થયું હતું. ઘટનાને પગલે લોકો સલામત સ્થળે ખસી ગયા હતા, જ્યારે ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બેટરીના વિસ્ફોટને કારણે આગ વધુ ભયાનક બની હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે.

આગની ગરમીથી...

શરૂ કરી દેવામાં આવ્યાં હતા. એટલું જ નહીં આગને કારણે હિટ એટલી વધી ગઈ હતી કે શો રૂમના તથા અન્ય દુકાનોની બહાર ગેરકાયદે બનાવવામાં આવેલા પતરાના શેડ વાંકા વળી ગયા હતા.

નેધરલેન્ડથી ઘાતક...

વિસ્તારના એક મોટા વેપારીના પુત્રને નાનપુરા પોસ્ટ ઓફિસ ખાતેથી દબોચી લેવાયો છે. ચેન્નઈ NCBના એક સચોટ ઈનપુટ અને સ્થાનિક સુરત પોલીસના સંયુક્ત ઓપરેશનના કારણે સુરતની ધરતી પરથી ઓપરેટ થતા આ કાળા કારોબારનો ખેલ પળવારમાં ખતમ થઈ ગયો છે.

ચેન્નઈ નાર્કોટિક્સ બ્યુરોને ગુપ્ત બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે માહિતી મળી હતી કે નેધરલેન્ડથી ડ્રગ્સનું એક મોટું પાર્સલ સુરત તરફ રવાના થયું છે. આ ઈનપુટના આધારે ટીમે તુરંત નાનપુરા પોસ્ટ ઓફિસના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો. પોસ્ટ ઓફિસના સ્ટાફે સતર્કતા દાખવીને અઠવાલાઈન્સ ધન્વંતરી કોમ્પ્લેક્ષમાં રહેતો યશ દિનેશ છાબરા નામના યુવકના સરનામે આવેલું શંકાસ્પદ પાર્સલ અટકાવી દીધું હતું. આરોપીને કોઈ શંકા ન જાય તે માટે આ પાર્સલને સળંગ બે દિવસ સુધી પોસ્ટ ઓફિસમાં જ રાખવામાં આવ્યું હતું.

કોર્ટમાં...

વેપારી યશ છાબરા તરફથી કોર્ટમાં હાજર થયેલા એડવોકેટ ભાવેશ કુલકર્ણી એ જણાવ્યું હતું કે ગઈકાલે ચેન્નાઈ એનસીબી પોલીસે નાનપુરા પોસ્ટ ઓફિસ પાસેથી કાપડ વેપારી યશ છાબરાની અટકાયત કરી હતી અને દિવસ દરમિયાન શહેરમાં ફર્યા બાદ આજે કોર્ટમાં ટ્રાઝીટ રિમાન્ડ મેળવવા માટે ચેન્નાઈ એનસીબી પોલીસ લાવી હતી. વેપારી યશની આ ધરપકડને પડકારવામાં આવી હતી. તેમજ યશ છાબરાને માર માર્યો હોવાની ફરિયાદ કોર્ટ સમક્ષ કરવામા આવી હતી. ત્યારબાદ કોર્ટ ટ્રાન્ઝીટ રિમાન્ડ માટે લવાયેલા યશની મેડીકલ તપાસ કરાવી લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ સાથે આવતીકાલે સવારે કોર્ટમાં રજૂ કરવા હુકમ કર્યો હતો.

સિટીલાઇટ રોડ...

કંઈ સમજે તે પહેલાં જ કાળા કલરનું ટી-શર્ટ પહેરેલો બાઈક ચાલક પૂરઝડપે અગ્રેસર ભવન તરફની ગલીમાં નાસી છૂટ્યો હતો. આ અંગે ઉમરા પોલીસે વેપારીની ફરિયાદના આધારે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસીને તસ્કરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ડ્રગ પેડલર...

આવ્યો હતો. પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તે સુરતમાં ચોરીછૂપીથી ડ્રગ્સ વેચવાનો કાળો કારોબાર કરે છે. તેણે ઝાંપા બજારના વેપારી ઈશાક ઈબ્રાહીમ સૈયદને ડ્રગ્સ વેચ્યું હતું. અઠવા પોલીસે અગાઉ ઈશાકને ૩.૪૪ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ (કિં.રૂ.૩૪,૪૦૦) સાથે રંગેહાથ ઝડપી લીધો હતો. તે અગાઉ પણ ડ્રગના કેસમાં પકડાઈ ચૂકયો છે.

અડાજણના ઇવી...

જેટલી બાઈક પણ સળગી ગઈ હતી.

ફાયરબ્રિગેડ કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ બાપ્સ હોસ્પિટલની બાજુમાં અહુરાનગર સોસાયટીની બાજુમાં અહુરાનગર શોપિંગ કોમ્પ્લેક્સમાં ટીવીએસનો ઇલેક્ટ્રિક વાહનોનો શોરૂમ આવેલો છે. આજે સવારે લગભગ 9.30 વાગ્યે ઈવી શોરૂમમાં અચાનક જ બેટરીમાં બ્લાસ્ટ થયો હતો. જોકે આ બ્લાસ્ટ બાદ માત્ર ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેના કારણે બાજુમાં આવેલી અપોલો ફાર્મસી પણ આગની લપેટમાં આવી ગઈ હતી. આગની જાણ થતાં ફાયર બ્રિગેડ વિભાગની ટીમ માત્ર ૪ મિનિટમાં ઘટના સ્થળે પહોંચી હતી પરંતુ ત્યાં સુધીમાં આગ ઝડપથી પ્રસરતા TVS નો શોરૂમ તથા અપોલો ફાર્મસીમાંથી આગ બાજુમાં આવેલ ક્રિષ્ના રેસ્ટોરન્ટ, ન્યુ જનતા આઈસ્ક્રીમ કોર્નર, સુમુલ પાર્લર, જય ખોડિયાર નાસ્તા સેન્ટરમાં પણ પ્રસરી ગઈ હતી. જેના કારણે આગ વધુ વિકરાળ બની હતી. આ દરમિયાન ઈવી શોરૂમમાં રાખવામાં આવેલા ઇલેક્ટ્રિક વાહનોની બેટરીઓ આગની ગરમીના કારણે ફાટવા લાગતાં આજુબાજુનો વિસ્તાર ધડાકાઓથી ધણધણી ઉઠ્યો હતો. જેના કારણે સ્થાનિક લોકોમાં વધુ ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ ફાયરબ્રિગેડ કંટ્રોલ વિભાગને કરવામાં આવતા તેઓએ શહેરના પાલનપુર, અડાજણ, તાપીપુરા, મોરા ભાગળ, કતારગામ, ડભોલી અને જહાંગીરપુરા સહીત સાત જેટલા ફાયર સ્ટેશનમાંથી ૧૫ જેટલી ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. ભીષણ આગને કાબૂમાં લેવા માટે ફાયર જવાનોએ ચારે બાજુથી પાણીનો મારો ચલાવવાની શરૂઆત કરી હતી અને સાથે જ આગને વધુ ફેલાતી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. લગભગ બે કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

ફાયર ઓફિસર લોનકરે જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે ઈવી શોરૂમ અને ફાર્મસીમાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી અને નજીકની દુકાનો પણ તેની લપેટમાં આવવા લાગી હતી. જોકે સમયસરની કામગીરીના કારણે અન્ય 7થી 8 દુકાનોને બચાવી લેવામાં સફળતા મળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. પરંતુ આગને કારણે સાત દુકાનો સાથે ૧૫ બાઈક પણ સળગી જતાં ભારે નુકસાન થયું છે.

ક્રિષ્ના રેસ્ટોરન્ટના સંચાલકોને એક વર્ષ અગાઉ પાલિકા દ્વારા નોટિસ પણ અપાઈ હતી

આહુરાનગર શોપિંગ કોમ્પ્લેક્સમાં આવેલી ક્રિષ્ના રેસ્ટોરન્ટના સંચાલકો દ્વારા ફાયર સેફ્ટીના પૂરતા સાધનો પણ લગાવવામાં આવ્યા ન હતા. આ ઉપરાંત માર્જિનની જગ્યામાં પતરા લગાવી 10 ફૂટ જેટલી જગ્યા પણ કવર કરી વેઇટિંગ એરિયા બનાવી દીધો હતો. જેથી રાંદેર ઝોન દ્વારા ગત તારીખ ૪/૭/૨૦૨૫ના રોજ ક્રિષ્ના રેસ્ટોરન્ટના સંચાલકોને નોટિસ પણ આપવામાં આવી હતી અને એફિડેવિટ રજૂ કરવા માટે આદેશ આપ્યો હતો પરંતુ એક વર્ષ પૂર્ણ થવા આવ્યું હોવા છતાં પણ ક્રિષ્ના રેસ્ટોરન્ટના સંચાલકોએ હજુ સુધી એફિડેવીટ રાંદેર ઝોનમાં રજૂ કર્યું નથી.

સ્થાનિક કોર્પોરેટરો, ધારાસભ્ય, શાસક પક્ષ નેતા સ્થળ પર દોડી આવ્યા

અડાજણમાં આગના સમાચાર વહેતા થતાં જ સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય પુર્ણેશ મોદી, શાસક પક્ષ નેતા અલ્પા મહેતા, સ્થાનિક કોર્પોરેટરો સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.